ગાંધીનગર સમાચાર

ગાંધીનગર સમાચાર

તા. ૧-૭-૨૦૧૫, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### મધ્યપ્રદેશનો વ્યાપમ ગોટાળો સરકાર માટે શિરદર્દ સર્જે છે

કેન્દ્રની મોદી સરકાર સામે એમના જ પક્ષના રાજય સરકારો નિત્ય નવી શિરોવેદના સરજી રહી છે. રાજસ્થાનનાં મુખ્યમંત્રી વસુંધરા રાજેના ક્રિકેટ કૌભાંડી લલિત મોદી સાથેનાં વ્યવસાયિક સંબંધો વિશેનો ઊહાપોહ શમે તે પહેલાં મધ્યપ્રદેશ સરકારના વિવાદાસ્પદ વ્યાપમ ગોટાળામાં નવા ફણગા ફૂટ્યા છે. વ્યાપમ ગોટાળો મધ્યપ્રદેશ સરકારના માથાનું કલંક સાબિત થઇ ચૂક્યો છે. મુખ્યપ્રધાન શિવરાજસિંહ ચૌહાણે નરેન્દ્ર મોદીની જેમ વિજયની હેટ્રિક મારીને લોકપ્રિય મુખ્યમંત્રી તરીકે કાઠું કાઢ્યું હતું એટલું જ નહીં, એક તબક્કે તેઓ લાલકૃષ્ણ અડવાણી જેવા વરિષ્ઠ નેતાની ગુડ બુકમાં હોવાને લીધે નરેન્દ્ર મોદીના પ્રતિસ્પર્ધી તરીકે ઊપસ્યા હતા, તે પણ સર્વવિદિત છે. પરંતુ મધ્યપ્રદેશ વ્યાવસાયિક પરીક્ષા મંડળ (વ્યાપમ) હસ્તક લેવાતી મેડિકલ અને ઈજનેરી કૉલેજોની પ્રવેશ પરીક્ષાઓમાં તથા રાજય સરકારની નોકરીઓ માટેની પરીક્ષાઓમાં આ રાજય પરીક્ષા બોર્ડ દ્વારા કરોડોનું કૌભાંડ આચરાયું હોવાનું બહાર આવ્યું ત્યારથી મુખ્યમંત્રીની જ નહીં, બલકે ભાજપના હાઈકમાંડની પણ ઊંઘ હરામ થઇ ગઇ છે. રાજયના આ કૌભાંડ છેક ૨૦૦૪ના વર્ષથી ચાલતું હતું પરંતુ એના નક્કર પુરાવા છેક ૨૦૧૩ માં હાથ લાગ્યા હતા. ત્યાં સુધીમાં કેટલાયે લોકોને ભ્રષ્ટાચાર આધારિત નોકરીઓ મળી ગઇ હતી. પદ્ધતિસર ચલાવાતા આ કૌભાંડમાં લાખો રૂપિયાની લાંચ લઇને નબળાં વિદ્યાર્થીઓને મેડિકલમાં પ્રવેશ અપાતો હતો. એવા નબળાં વિદ્યાર્થીને પરીક્ષામાં ચોરી કરવાની તક અપાતી હતી અથવા એનું આખે આખું પેપર તેજસ્વી વિદ્યાર્થી પાસે લખાવી દેવાતું હતું. વળી પરીક્ષકો પોતે જ ખાલી રહી ગયેલી જગ્યામાં જવાબ લખી નાખી પુરાં ગુણાંક મૂકી દેતાં હતા. આ બધું કૌભાંજ પકડાયું ત્યારે પરીક્ષા નિયામક ઉપરાંત ખુદ તત્કાલીન શિક્ષણમંત્રી લક્ષ્મીકાંત શર્માની ધરપકડ થઇ હતી. દસ લાખ જેટલા વિદ્યાર્થીઓ આ કૌભાંડનો ગેરફાયદો ઉઠાવી અલગ અલગ જગ્યાઓ પર ગોઠવાઇ ગયા છે. આ કૌભાંડની તપાસ માટે ખુદ મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે આદેશ કર્યો ત્યારે એનો રેલો છેક રાજભવન સુધી પહોંચતો હોવાનું જણાયું હતું. મ.પ્ર.ના રાજયપાલ રામનરેશ યાદવ જૂના કોંગ્રેસી નેતા છે. એમના પુત્ર શૈલેષ યાદવની સંડોવણી સાબિત થઈ તે પછી ટૂંક સમયમાં એનું સંદિગ્ધ હાલતમાં મૃત્યુ થયું હતું. પોસ્ટ મોર્ટમમાં શૈલેષ યાદવનું મૃત્યુ ઝેર લેવા કે આપવાથી થયું હોવાનું સાબિત થયું હતું. છેલ્લે હમણાં બે અન્ય આરોપીઓનાં જેલમાં જ મૃત્યુ થયેલ છે. એક વ્યાપમ લાભાર્થી મહિલા સ્ટુડન્ટનું પણ મૃત્યુ થયેલ છે. હાઈકોર્ટ દ્વારા નિમાયેલ એસઆઈટી ધીમી ગતિએ તપાસ કરી રહેલ હોઈ મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસી નેતા દિગ્વિજયસિંહે સુપ્રીમ કોર્ટ દ્વારા નવી એસઆઈટી નિમાય એવી માંગણી મૂકી છે. મુખ્યમંત્રી ભારે ટેન્શનમાં છે કારણ કે વ્યાપમના ગોટાળાના મુખ્ય સૂત્રધાર પરીક્ષા નિયામક પંકજ ત્રિવેદીએ એમના લેખિત નિવેદનમાં બે આરએસએસના વરિષ્ઠ નેતાઓનાં નામ પણ લીધા છે. આવા ખતરનાક કૌભાંડનાં સંઘના તત્કાલિન સર્વોચ્ચ વડા સ્વ. કૃપ સી. સુદર્શન અને સુરેશ સોનીની સામેલગીરી હોવાનું બહાર આવતાં દેખીતી રીતે જ કેન્દ્ર સરકાર ભારે ચિંતામાં છે. એક પછી એક ૪૩ જેટલા સાક્ષીઓ - આરોપીઓનાં કતારબંધ મૃત્યુથી દાળમાં ઘણું બધું કાળું હોવાની શંકા દૃઢ બની છે. સીબીઆઈની તપાસથી બચતા ફરતા અને 'મિ.ક્લીન' તરીકેની ઈમેજ હોવાની દુહાઈ દેતા રહેતા શિવરાજસિંહ ચૌહાણ માટે આ કૌભાંડમાંથી કોરા નીકળવું ઘણું અઘરું બની રહેલ છે. એક પછી એક ૪૩ના આંકડે પહોંચેલા જેલ ભોગવી રહેલા આરોપીઓનો મૃત્યુઆંક સૂચક છે. શું આ સાક્ષીઓને ખતમ કરવાનું પદ્ધતિસરનું કાવતરું છે? ગૃહમંત્રી બાબુલાલ ગૌર મૃત્યુને કુદરતી ઘટના ઘણાવી ઢાંકોઢૂંબો કરતા હોય એવું નથી લાગતું?

## રાજપૂત સમાજે ભાવિ પેઢી માટે શિક્ષણ, સંગઠન મજબૂત કરવુ જોઈએ : શંકરસિંહ

### ટાઉનહોલ ખાતે રાજપૂત સમાજ દ્વારા પરિવાર દર્શન-૧૫ અને યુવક-યુવતિઓ માટે પરિચય પુસ્તિકાનું વિમોચન કરાયું

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર ટાઉનહોલ ખાતે રાજપૂત સમાજ ગાંધીનગર દ્વારા પરિવારદર્શન-૨૦૧૫ પુસ્તિકાનું વિમોચન અને યુવક યુવતિઓ માટે પસંદગી પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. ગુજરાત વિધાનસભા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, પરિચય પુસ્તિકાથી સમાજ એકબીજાની નજીક આવશે. ખુબ જ ઉપયોગી નિવડશે. સમાજને શિક્ષણ અને સંગઠ્ઠનનુ પાસુ મજબુત બનાવવુ કહ્યું હતું.

રાજપૂત સમાજે સમાજના યુવક-યુવતિઓ અને ગાંધીનગરમાં રહેતા પરિવારોને ઉપયોગી થાય તે માટે પરિવારદર્શન પુસ્તિકાનું વિમોચન કર્યુ હતુ. આ પ્રસંગે સ્વામિનારાયણ મંદિરના પી.પી. સ્વામિએ સમાજને નિર્વ્યસની બનવા જણાવ્યું હતું અને ધાર્મિક લાગણીઓ વિકસાવી શિક્ષિત બનવાની વાત કરી હતી. વિધાનસભા કોંગ્રેસના દંડક બળવંતસિંહે ગુજરાતના તમામ રાજપૂતોને એક નેજા હેઠળ એકઠા કરીને શિક્ષણ અને રોજગાર માટે સંગઠીત થવા ઉપર ભાર મુકવા જણાવ્યું હતું.

કાર્યક્રમમાં શ્રીનાથજી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રીમતી કમળાબા બળદેવજી વાઘેલા ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી આયોજીત કરેલ સામાજીક ક્રાંતિકારી વક્તા એવા અશ્વિન જોષી 'મા-બાપને ભુલશો નહિ' કાર્યક્રમને સમગ્ર સમાજે રસપુર્વક સાંભળેલ અને રાજપૂત સમાજમાં કૌટુંબિક ભાવનાઓને તથા રાજપૂત સમાજ પ્રથમથી સંસ્કારી હોવાથી અન્ય સમાજની હરોળમાં અલગ તરી આવે છે અને કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ ભાઈઓ અને બહેનોએ સમગ્ર કાર્યક્રમ રસપૂર્વક સાંભળેલ અને કાર્યક્રમને સફળ બનાવેલ.

આ સમગ્ર કાર્યક્રમમાં શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર, સમગ્ર કારોબારી, દાતાશ્રીઓ, સહભાગી સંસ્થાઓ અને ઉપસ્થિત વડીલો અને આગેવાનોના સહકારથી છ માસ સુધી અથાગ પ્રયત્નોથી બંને પુસ્તિકાઓ તૈયાર કરીને સમાજની સમક્ષ મુકેલ છે તે સમગ્ર ગુજરાતના રાજપૂત સમાજ તથા તમામ સંસ્થાઓને ઉપયોગી નીવડશે અને આવી રચનાત્મક પ્રવૃત્તિઓની સમાજ સારી નોંધ લીધેલ છે.

વધમાં શ્રી રાજપૂત સમાજના સર્વે પરિવારો આ કાર્યક્રમને સફળ બનાવવામાં મોટી સંખ્યામાં હાજર રહી સહયોગ આપેલ છે તેનો કરણસિંહજી વાઘેલા એડવોકેટે આભાર વ્યક્ત કર્યો હતો અને ભવિષ્યમાં આ રીતે સાથ અને સહકાર આપતા રહેશો તેવુ ઉદ્‌બોધન કરેલ હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં રાજપૂત અગ્રણીઓ અને જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા.

## સાયન્સના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને પી.સી. ગ્રુપ વિના મૂલ્યે શિક્ષણ પિરસશે

### એક પણ રૂપિયો લીધા વિના અને અપેક્ષા વગર ટયુશન કરાવશે : પ્રવેશ વહેલા તે પહેલાના ધોરણે

ગાંધીનગર, તા. ૩૦

મોંઘવારીના કારણે અનેક તેજસ્વી વિદ્યાર્થીઓનું જીવન અંધકારમાં ડૂબી જાય છે. વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા માટે તૈયાર હોય છે. પરંતુ આર્થિક સ્થિતિ સારી ન હોવાને કારણે પસંદગીના પ્રવાહમાં અભ્યાસ કરી શકતા નથી. વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરવા ઈચ્છુક બાળકોને સામાન્ય પ્રવાહથી સંતોષ માનવો પડતો હોય છે ત્યારે ગાંધીનગરમાં જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓને પી.સી. ગ્રુપ ફ્રીમાં ટયુશન કરાવશે.

ગાંધીનગરમાં સાયન્સના વિદ્યાર્થીઓ આર્થિક સંકડામણને કારણે ટયુશન રાખી શકતા નથી વિદ્યાર્થીઓ હોંશિયાર હોવા છતા ટયુશનનો ખર્ચો કરી શકતા નથી. બાળકોને પણ પોતાના માતા પિતાની આર્થિક સ્થિતિનો ખ્યાલ હોય છે અને તેના કારણે તેઓ ટયુશનનો આગ્રહ રાખતા નથી પરિણામે રિઝલ્ટમાં ફેર પડતો હોય છે.

ગાંધીનગરમાં એક દાયકાથી પણ વધુ શૈક્ષણિક કાર્યનો અનુભવ ધરાવતા શિક્ષકોનું પી.સી. ગ્રુપ ધોરણ-૧૧-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓને મફત ટયુશન કરાવશે. કોઈ પણ ચાર્જ અને અપેક્ષા વિના શિક્ષણ પિરસશે. ત્યારે ટયુશનમાં મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવાનો હોવાથી ઝડપથી ૯૭૨૩૨ ૨૧૯૭૯ પર સંપર્ક કરી નામ નોંધાવવા જણાવાયું છે.

## જૈન સોશ્યલ ગૃપ ફેડરેશન દ્વારા પસંદગી મેળો યોજાયો સમાજની સગપણ સેતુ પુસ્તિકાનું વિમોચન કરાયું

ગાંધીનગર, તા.૩૦

જૈન સોશ્યલ ગ્રુપ ઈન્ટરનેશનલ ફેડરેશન દ્વારા સમાજના યુવક-યુવતિઓ માટે સગપણ સેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ભારત દેશમાંથી ૫૧૫ જેટલા યુવક યુવતિઓ ઉપસ્થિત રહ્યા હતા.

ટાઉનહોલ ગાંધીનગરમાં ગત તા. ૨૮ના રોજ જૈન સોશ્યલ ગૃપ ઈન્ટરનેશનલ ફેડરેશન દ્વારા પસંદગી મેળો યોજાયો હતો. જેમાં ભારતના વિવિધ રાજયોમાં પથરાયેલ ૧૦ રિજીયનમાં વાપી, ભિલાડ, પાલનપુર, અંબાજી સહિતથી જૈન જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા. પસંદગી સંમેલનમાં યુવક-યુવતિઓએ સ્ટેજ ઉપર જઈને પોતાનો પરિચય આપ્યો હતો. જૈન અગ્રણીઓની હાજરીમાં ટાઉનહોલ ખાતે સગપણ સેતુ બુકનું વિમોચન કરવામાં આવ્યું હતું. બુક પ્રકાશનમાં નિકિતાબેન શાહે સહયોગ પુરો પાડયો હતો.

ગાંધીનગર ગ્રુપના પ્રમુખ મેહુલભાઈ દોશી, સ્થાપક પ્રમુખ અને ભોજન સમારોહના મુખ્ય દાતા સૂર્યકાન્તભાઈ અને સુશીલાબહેન મહેતા, ગાંધીનગર ગ્રુપના ધવલભાઈ શાહ, પારસ સંઘવી, દેવાંગભાઈ શેઠ, કૌશીક શાહ, ચેતન શાહ, શ્રીસંજયભાઈ શાહ, શોધન ગાંધી, મુખ્ય દાતા સતિષભાઈ શાહ ઉપરાંત આર્થિક સહયોગ આપનાર વિનુભાઈ કોઠારી, શૈલેષભાઈ પારેખ, કમલ કિશોર જૈન, ફેડરેશનના પૂર્વ પ્રમુખ અશોકભાઈ અને કિરણબહેન જૈન તથા શરદભાઈ શાહ, ફેડરેશનના વિતેલા વર્ષના શ્રેષ્ઠ પ્રમુખશ્રી લિલતભાઈ શાહ, શ્રીમતી પ્રેમીલાબહેન અને ડૉ. પ્રવિણભાઈ જોશી, ગુજરાત રીજીયનના વાઈસ ચેરમેન સુરેશભાઈ શાહ અને સંગિની કન્વીનીયર શ્રીમતી મિત્તલબહેન અને કુંજલભાઈ શાહ, શ્રી હિતેશભાઈ શાહ તથા જે.એસ.જી. વડોદરા મીડટાઉન અને જે.એસ.જી. દહાણુ રોડ, શ્રી મહેન્દ્રભાઈ રાકા, શ્રી મિસરીલાલ શાહ પરીવાર તેમજ સર્વે વિજ્ઞાપન દાતાઓ સહિત સહુ સહયોગીઓ પ્રત્યે ઋણ સ્વીકારની લાગણી વ્યકત કરી હતી.




આ શુભારંભ અવસર બાદ પ્રત્યેક બેચમાં ૧૦ યુવકો અને ૫ યુવતીઓએ ઉપસ્થિત રહી પોતાનો સ્વ-પરિચય આપ્યો હતો જેનું ત્રણ વિશાળ એલઈડી સ્કીન પર પ્રસારણ પ્રશંસનીય બન્યું હતું.

આ સમગ્ર સમારોહનું સચાલન શ્રીમતી સપનાબહેન શાહ, શ્રી હિતેષભાઈ કોઠારી, આશાબેન સરવૈયા તેમજ ગુજરાત રીજીયનના ચેરમેન ઈલેકટશ્રી મનિષભાઈ શાહે રસાળ શૈલીમાં કરી ઉપસ્થિત સહુ કોઈને પ્રભાવિત કર્યા હતા. શિસ્ત અને સંયોજન શકિતના સથવારે યુવક યુવતી તેમજ તેમના માતા પિતા સહિત ૧૧૦૦થી પણ વધુ વ્યકિતઓની ઉપસ્થિતિ વચ્ચે સંયોજેલ આ સમગ્ર સંયોજન એક મીઠું સંભારણું બની ગયેલ છે.

## પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક સંસ્થાના પ્રમુખશ્રી ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને તા. ૨-૭-૨૦૧૫ને ગુરૂવારના રોજ સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજે માળ, સેક્ટર-૨૨ ખાતે સાંજે ૫.૦૦ વાગે મળશે. આ બેઠકમાં ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા પેન્શનર સભ્યોના ધો. ૧ થી ૯માં ૭૫ ટકા કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થયેલ પૌત્ર-પૌત્રીઓનું સન્માન કરવાના કાર્યક્રમની પૂર્વ તૈયારી અંગે ચર્ચા તેમજ અન્ય અગત્યના મુદ્દાની વિચારણા કરવામાં આવશે. આ બેઠકમાં સર્વે પદાધિકારીઓ અને કારાબોરી સભ્યોએ અચુક ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

## રગ્બી ફુટબોલ સ્પર્ધાનું આયોજન કરાયું

રગ્બી એસોસિએશન ઓફ ગુજરાત દ્વારા રગ્બી ફુટબોલ સ્પર્ધાનું આયોજન કરાયું છે. જેમાં સિનિયર વિભાગ માટે આગામી ૫ અને ૬ જુલાઈ દરમિયાન સેકટર-૧૫ સ્થિત સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ફુટબોલ ગ્રાઉન્ડ ખાતે યોજાશે.

## ગાંધીનગર પર લખાયેલ ગીતો પર કવિ સંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ છેલ્લા ૩૦ વર્ષથી ગાંધીનગરનો સ્થાપના દિન ઉજવે છે. આગામી તા. બીજી ઓગષ્ટ-૨૦૧૫ના રોજ આવતા ગાંધીનગરના ૫૧માં સ્થાપના દિનની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર સાહિત્યસભાના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર વિષે લખાયેલા ગીતોના કવિના સ્વમુખે પઠનનો કાર્યક્રમ યોજવામાં આવશે.

ગાંધીનગર વિશે લખેલા અથવા લખી શકે તેવા સૌ કવિ મિત્રોને આ કવિસંમેલનમાં પોતાની કૃતિ રજુ કરવા આહ્‌વાન છે. કવિઓએ તેમની કૃતિ ફૂલસ્કેપ કાગળની એક બાજુએ ટાઈપ કરાવી, સ્વચ્છ હસ્તાક્ષરમાં લખી તા. ૨૫-૭-૨૦૧૫ સુધીમાં વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના સરનામે ૨૨૦ અષ્ટલક્ષ્મી એપાર્ટમેન્ટ સેક્ટર-૨૦, ગાંધીનગર ફોન- ૨૩૨-૬૦૩૭૦ અથવા (મો) ૯૮૨૫૦૧૮૧૩૪ પહોંચાડવા અપીલ કરવામાં આવે છે. કવિ મિત્રોએ કૃતિ નીચે પોતાનું નામ સરનામુ તથા ફોન નંબર અવશ્ય જણાવવા વિનંતી. ગાંધીનગરના ગૌરવસમા આ કાર્યક્રમમાં ગાંધીનગરના કવિમિત્રોને ઉત્સાહભેર ભાગ લેવા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ અને ગાંધીનગર સાહિત્યસભા હાર્દિક અનુરોધ કરે છે.

## બૈઝિંગ-ચાયનામાં યોજાયેલી પાંચમી આંતરરાષ્ટ્રિય યોગ ચેમ્પીયનશીપમાં ગુજરાતને ૨૬ મેડલ્સ

ગાંધીનગર, તા. ૩૦

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની આજે યોગ એન્ડ કલ્ચરલ એસોસિયેશન ઓફ ગુજરાતના વૈશ્વિકસ્તરે ઝળકેલા ૨૬ યોગ સાધકોએ શુભેચ્છા મુલાકાત લઈને તેમના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

આ ૨૬ યોગ સાધકો તાજેતરમાં તા. ૨૧ થી ૨૫ જૂન દરમ્યાન ચાયનાના બૈજિંગ શહેરમાં યોજાયેલી પાંચમી ઈન્ટરનેશનલ યોગ ચેમ્પીયનશીપ અને માસ્ટર્સ યોગ ફેસ્ટીવલમાં ૭ ગોલ્ડ, ૧૦ સિલ્વર તથા ૯ બ્રોન્ઝ મેડલ પોતાની યોગ સાધનાના ઉત્કૃષ્ટ પ્રદર્શન દ્વારા પ્રાપ્ત કરી ગુજરાતનું ગૌરવ-શાન વધારીને સ્વદેશ પરત આવ્યા છે.

યોગ એન્ડ કલ્ચરલ એસોસિએશન ઓફ ગુજરાતના નેજા તળે સ્પર્ધામાં ગયેલા અને વિજેતા થયેલા આ ૨૬ યોગ સાધકોમાં આઠ બેનોનો પણ સમાવેશ થાય છે.

મુખ્યમંત્રીશ્રીએ આ યોગ સાધકોને શુભેચ્છાઓ પાઠવી હતી અને ગુજરાતનું નામ યોગ વિદ્યામાં વિશ્વમાં ચમકાવવા માટે હાર્દિક અભિનંદન આપ્યા હતા.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, આ સ્પર્ધામાં ભારત ઉપરાંત તાઈવાન, હોંગકોંગ, વિયેતનામ, થાઈલેન્ડ, ચાયના, મલેશિયા અને અમેરિકાના ૧૮૩ યોગ સાધકોએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં વિવિધ કેટેગરીમાં આપવામાં આવતા કુલ ૫૪ મેડલ્સમાંથી ૨૬ મેડલ્સ તો એકલા ગુજરાતના યોગ સાધકોએ પ્રાપ્ત કર્યા છે.

## લાજ ભરેલી લાડકી સુંદરતાના ઝાંઝરિયા રૂમઝુમ થાય!

### વિચારોના મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

સુંદરતા આંખોની બારીમાંથી પ્રવેશતી વરસાદી હેલી છે. તેની વાછટ પેલી અલકનંદાના ગોત્રની છે. તેનો પ્રવાહ પૌરાણિક છે અને નાયક યક્ષ છે. રક્ષકો વિનાનું નગર જેમ દુશ્મનોના ચરણોમાં પડે છે તેમ નકશીદાર ચહેરો દરેકના હ્રદયને લૂંટી લે છે. રસિકતા આંખોના દ્વારેથી પ્રવેશે છે અને તર્કને પીંખી નાખી, બુદ્ધિને વિંધીને સીધી હ્રદયસિંહાસન પર આસન જમાવે છે. કવિઓ અને કલાકારોને નાહક આપણે વગોવી નાખીએ છીએ અને બોલી પડીએ છીએ. 'આવું બધા છીછરા વિષયો આપણને પસંદ નથી, એ તો નટનટીને જ શોભે. એ લોકોને કોઇ શરમ કે સંકોચ ન હોય. આપણે તો બધું સંભાળવાનું હોય કે નહિ!

ચોમાસું અધર સહિતના અંગેઅંગને પરેશાન કરનારી ઘટના છે. કારણકે વરસાદ મન મૂકીને વરસે અને તેની પાછળ આપણું મન પણ ક્યાં કહ્યામાં રહે છે? દરેક વ્યકિત પોતાની શારીરિક સુંદરતા અંગે સભાન હોય છે. નાનું બે વર્ષનું બાળક પણ અરીસા સામે ભું રહીને હસતું જોવા મળે છે અને આમે હસતું બાળક હંમેશાં સુંદર લાગતું હોય છે નહીં? પરંતુ મોટા થઈને આ સુંદરતા જાળવવા મહેનત કરવી પડે છે. અરીસા સામે ભા રહીને કલાકોના કલાકો પોતે વધારે સુંદર કેમ દેખાય તે માટે પસાર કરવા પડતા હોય છે અને જયારે આપણી બાહ્ય સુંદરતાનાં કોઈ વખાણ કરે તો આપણા આનંદનો પાર નથી રહેતો. પરંતુ શું વ્યકિત માટે માત્ર શારીરિક સુંદરતા મહત્ત્વની હોય છે? શું જરૂરી નથી કે જેટલી મહેનત અને મહત્ત્વ શારીરિક સુંદરતાને આપીએ તેટલું જકદાચ તેનાથી વધારે મહત્ત્વ આપણી મનોસુંદરતાને આપીએ.

મનોસુંદરતાને વધારવા માટે દરેક વ્યકિતએ નિયમિત મહેનત કરવી પડે છે. રોજબરોજનું સંઘર્ષભર્યું જીવન વ્યકિતની મનોસુંદરતાના ચળકાટને ઝાંખો પાડી દે છે. આત્મવિશ્વાસ અને આત્મસમ્માન મનોસુંદરતાની મુખ્ય તાકાત હોય છે.દિમાગમાં પાંચ અલગ પ્રકારનાં કેન્દ્ર હોય છે. હકારાત્મક જ્ઞાન કેન્દ્ર, નકારાત્મક જ્ઞાન કેન્દ્ર ,અર્ધ જાગૃત કેન્દ્ર, કલ્પનાશકિત કેન્દ્ર અને સ્મૃતિશકિત કેન્દ્ર.

વ્યકિત પોતાના દિમાગને જે સભાન રીતે કેળવે છે, તે પ્રમાણે વિચારો કાં હકારાત્મક જ્ઞાન કેન્દ્રમાં, કાં તો નકારાત્મક જ્ઞાન કેન્દ્રમાં જઈને ભાવના ઉત્પન્ન કરે છે જેનો પ્રતિભાવ આપણને વ્યકિતનાં વાણી, વ્યવહાર અને વર્તનમાં જોવા મળે છે. વ્યકિતની અંદર દૃષ્ટિકોણ મહત્ત્વનો ભૂમિકા અદા કરતો જોવા મળે છે. હતાશા, ચિંતા, નિરાશા, ગુસ્સો, કુટેવ, ઈર્ષા, ઉદાસીનતા જેવી નકારાત્મક ભાવનાઓ વ્યકિતના જીવનમાં પ્રગતિ સાધવા માટે બાધારૂપ હોય છે. આખા દિવસની નકારાત્મક ભાવના વિચારનો ચક્રવ્યૂહ વ્યકિતને ઉન્નતિની દિશામાં કયારેય પણ લઈ જતો નથી. જો તમે ધ્યાનથી આજુબાજુની વ્યકિતઓને જોશો તો ખ્યાલ આવશે કે ઘણી વ્યકિતઓ બોલતી વખતે અપશબ્દોનો પ્રયોગો કરતાં હોય છે.

ઘણી વ્યકિત નકારાત્મક શબ્દોનો જેમ કે નહીં, નાનો પ્રયોગ વધારે કરતા હોય છે. સાધારણ પ્રૅ પૂછવામાં આવે કે, 'શું કરતાં હતાં? તો જવાબમાં 'ના, ખાસ કંઇ નહીં? વાકયની શરૂઆત જ નકારાત્મક શબ્દોથી થતી હોય છે. ઘણી વ્યકિતઓ નીરસનિરુત્સાહી વાર્તાલાપ કરતી જોવા મળતી હોય છે. વર્તન અને વ્યવહારમાં પણ છણકા અથવા તોછડાપણાની ઝલક દેખાતી હોય છે. શું કયારેય વિચાર્યું છે ખરું કે આપણી શારીરિક બીમારીઓનું મુખ્ય કારણ આપણા મનની 'નકારાત્મકતા છે. ઘણી વ્યકિતઓ માટે એક સાધારણ દુખાવો અસા બની જતો હોય છે. જયારે ઘણી વ્યકિતઓ પોતાના હકારાત્મક વિલ પાવરથી આયુષ્યને લાંબું કરી દે છે.

અહીં પ્રસ્તુત કરેલી ટિપ્સ વ્યકિતની અંદરના હકારાત્મક જ્ઞાન કેન્દ્રને કેળવવામાં મદદરૂપ થશે. નાનીનાની વસ્તુઓ તેમજ પરિસ્થિતિમાં ખુશ રહેતા શીખવું અને હકારાત્મક દૃષ્ટિકોણ કેળવી પરિસ્થિતિ તેમજ બીજી વ્યકિતને ખુશી આપવી. માનસિક સુંદરતા વધારવા માટે સવારે ઠીને અરીસા સામે ભા રહી હસતા મોઢે નીચેનાં હકારાત્મક વાકયો પોતાના માટે બોલવાં. 'હું એક સારી વ્યકિત છું, મને મારા ઉપર વિશ્વાસ છે, હું મારી જાતને પ્રેમ કરું છું, હું હકારાત્મક વિચાર અને ભાવના ધરાવનાર વ્યકિત છું, મને મારી બુદ્ધિ અને મગજ ઉપર પૂરો વિશ્વાસ છે. હું એક સફળ અને મહેનતુ વ્યકિત છું. હું જે ઈચ્છું છુ તે મેળવું છું.

કોઈની સુંદરતા એની સ્મૃતિશક્તિમાં હોય છે, એકાગ્રતામાં હોય છે. એકવાર સ્વામી વિવેકાનંદ અમેરિકાના એક ગામડામાં નદી કિનારે ટહેલતા હતા, ત્યારે તેમણે જોયું કે નવયુવકોનું એક ટોળું પુલ પર દોરીથી બાંધેલાં અને નદીના વહેણમાં તરતાં ઈંડાંના કોચલાંઓને વીંધવાનો નિષ્ફળ પ્રયાસ કરી રહ્યું હતું. સ્વામીજી સ્મિતપૂર્વક તેઓને જોઈ રહ્યા. તેમાંના એક યુવકે આ જોયું એટલે સ્વામીજીને આ કાર્ય કરવા પડકાર ફેંક્યો અને કહ્યું કે આ કંઈ જેવું તેવું કાર્ય નથી.' સ્વામીજીએ બંદૂક પોતાના હાથમાં લઈ લીધી અને ઉપરાઉપરી એક ડઝન કોચલાંઓને વીંધી નાખ્યાં. યુવકો તો આભા જ બની ગયા. તેમણે વિચાર્યું કે સ્વામીજી જરૂર બંદૂક ચલાવવામાં કુશળ હશે, પણ સ્વામીજીએ તેમને જણાવ્યું કે તેમણે આ પહેલાં ક્યારેય બંદૂક હાથમાં લીધી નહોતી અને સમજાવ્યું કે સફળતાનું રહસ્ય મનની એકાગ્રતામાં રહેલું છે. મનની સુંદરતાની આ મિસાલ પ્રશંસનીય છે.

સ્વામીજીની એકાગ્રતા વિષે તેમના શિષ્ય શરદચંદ્ર ચક્રવર્તી એક મહત્ત્વના પ્રસંગનું વર્ણન કરે છે. તે વખતે સ્વામીજી બેલૂર મઠમાં નિવાસ કરી રહ્યાં હતા. ત્યારે તેમણે વાંચવા માટે એન્સાઈક્લોપીડિયા બ્રિટાનિકા (વિશ્વકોષ)ના દળદાર ગ્રંથો મંગાવ્યા હતા. શિષ્યે આ ગ્રંથો જોઈને કહ્યું : સ્વામીજી, એક જિંદગીમાં તો માણસ આટલા બધા ગ્રંથો વાંચી શકે નહીં.' આ સાંભળીને સ્વામીજીએ કહ્યું : 'તમે એ શું બોલ્યા? આ દસ ભાગ તો મેં થોડા દિવસોમાં વાંચી નાખ્યા છે અને અગિયારમો ભાગ વાંચી રહ્યો છું.' આ સાંભળીને શરદચંદ્ર આશ્ચર્યમાં પડી ગયા ને પૂછ્યું : 'ખરેખર ?' હા, તમારે આ દસ ભાગમાંથી મને કંઈ પણ પૂછવું હોય તો પૂછી લો.' શરદચંદ્રે ગુરુની પરીક્ષા કરવી શરૂ કરી. જુદા જુદા ભાગોમાંથી તેઓ સ્વામીજીએ પ્રૅ પૂછતા ગયા અને અને તેમના મહાન આશ્ચર્ય વચ્ચે સ્વામીજી તેમને જવાબ આપતા ગયા અને ક્યાંક ક્યાંક તો તેઓ પુસ્તકમાંથી ઉધૃત કરેલાં વાક્યો જ બોલતા હતા. આશ્ચર્યચકિત્ત થઈ ગયેલા શરદચંદ્રે કહ્યું : સ્વામીજી, માનવશક્તિના મગજની આ વાત નથી, ખરેખર તમે ચમત્કારિક પુરુષ છો!'

અરે, વત્સ, એમાં ચમત્કાર જેવું કશું જ નથી. આ તો એકાગ્રતાની શક્તિનું પરિણામ છે! તને ખબર તો છે કે કડક બ્રહ્મચર્યના પાલનથી તમામ વિદ્યા ઉપર અલ્પ સમયમાં પ્રભુત્વ મેળવી શકાય છે. એના પરિણામે એક જ વાત સાંભળેલી કે એક જ વખત જાણેલી વાતની અચૂક સ્મૃતિ માણસને રહે છે. બ્રહ્મચર્યના અભાવે આ દેશમાં બધું વિનાશને આરે આવીને ભું છે.'

જુવાન મુલ્લા નસરુદ્દીન પોતે એક ગરીબ ઘરની સુંદર યુવતીને પરણવા માટે કટિબદ્ધ હોય છે. પણ તેનાં અબ્બા તેને કોઈ અમીર છોકરી સાથે પરણાવવા માંગતા હતાં. તને થયું છે શું?

તેમને કહ્યું, જે સુંદરતાએ તને આંધળો કરી નાંખ્યો છે તે ફક્ત ઉપરની ચામડીની જ છે.મારા માટે તે પુરતી છે, મુલ્લાએ જવાબ આપતાં કહ્યું. હું કઈ માનવભક્ષી નથી.

આપણામાંથી ઘણા લોકો સાચા પ્રેમના સૌંદર્યને શોધવા આખી જીંદગી ભટકતા રહે છે. એવો પ્રેમ, જે આપણી બધી ખામીઓને અવગણી આપણને પોતાના બનાવે, દરેક પરિસ્થિતિમાં આપણો સાથે આપે અને આપણા પર પૂરો ભરોસો રાખે. ૧. તમારામાં તમને જ જુએ તમારો સાચો સાથી તે જ બની શકે છે જે તમારી વાસ્તવિકથી પ્રેમ કરે, એ નહીં કે જે તમારમાં બીજાની છબી જોવા ઈચ્છે અને દરેક વખતે તમારામાં ફેરફારની માંગ કરતો રહે.૨. માત્ર તમારી પાસે મોટું મન રાખવાની આશા ન રાખે જો તમારો પાર્ટનર દરેક વખતે એવું ઈચ્છે છે કે, તેમે તેની જ વાત માનતા રહો અને માત્ર તમારી પાસે જ લેટગો કરવાની આશા રાખે છે તો તે સાચો પ્રેમ ન હોઈ શકે.૩. તમારા પ્રત્યે વફાદાર હોય શું તમારો પાર્ટનર પણ બિલકુલ તમારી જેમ જ વફાદાર છે અને બીજાની જેમ ખણખોદ નથી કરતો? જો આવું છે તો તમને સાચો પ્રેમ મળી ચૂક્યો છે.૪. સાથ આપે ઘણી વખત એવા પ્રસંગ આવે છે, જયારે તમે કોઈ વિચિત્ર પરિસ્થિતિમાં મૂકાઈ જાઓ છો. આવા પ્રસંગે પણ તમારી સાથે ઉભો રહેનાર જ સાચો પ્રેમ આપી શકે છે. ૫. અભિવ્યક્ત કરવામાં પાછળ ન રહે તમારા પાર્ટનરનો પ્રેમ જો સાચો છે તો તેને દુનિયા કે પોતાના ઘરવાળાઓની સામે તેને કબૂલ કરવામાં કોઈ મુશ્કેલી ન હોવી જોઈએ. તમારા પાર્ટનરને તો એમાં મુશ્કેલી નથી ને?

કુદરતી સુંદરતા જાળવી રાખવા માટે યોગ સૌથી શ્રેષ્ઠ ઉપાય છે. તેનાથી ત્વચા જ નહીં, પણ મન પણ સુંદરતા અને તાજગીનો અનુભવ કરે છે. ત્વચાની સુંદરતા માટે યોગ સૌથી સારો ઉપાય છે. યોગ કરવાથી ત્વચાની કરચલીઓ દૂર થાય છે. ડાર્ક સર્કલ્સ અને લચી પડેલી ત્વચામાં પણ ઘણો ફેર જોવા મળે છે. શારીરિક શક્તિ વધારવાની સાથે યોગ તનમનની સુંદરતામાં પણ વધારો કરે છે. રોજ તમે જો વીસ મિનિટ યોગ કરો તો તેનાથી ત્વચા કસાયેલી રહે છે. તેનાથી ત્વચા ચમકદાર અને કોમળ બને છે અને એક મહિનો નિયમિત યોગ કરવાથી તેની અસર તમે ત્વચા અને શરીર પર થતી જોઈ શકો છો. જો ત્વચાની કરચલીઓ વધારે હોય તો તમે યોગ દરમિયાન કરચલીવાળા ભાગ પર હાથની આંગળીઓ દ્વારા હળવા હાથે મસાજ કરવાની સાથે ઊંડા શ્વાસ લો. રોજ પાંચથી સાત મિનિટિ આ રીતે કરવાથી ફાયદો થશે. આ પ્રયોગ કરવાથી કરચલીને ઘણા અંશે ઓછી કરી શકાય છે. ચહેરા પર પડેલા ડાઘ દૂર કરવા માટે ડો શ્વાસ ભરી એક મિનિટ સુધી શ્વાસ રોકી રાખવાનો પ્રયત્ન કરો અને પછી ધીમે ધીમે તેને બહાર કાઢો. આ પ્રક્રિયા પાંચથી સાત વખત કરવી.